# ભજન

અમે રંગાયા તારા રંગમા ગોપ ગોપીને રાધાના સંગમા
દેવકીના દુલારાને કહેજો   દેવકીના દુલારાને કહેજો

નંદ જશોદાનો જાયો હતો ત્યારે રમતો ગોકુળ ગામ
આજે મથુરામા કર્યા મુકામ
રાજની માયા કાચી છે કાના
રાજની માયા કાચી છે કાના.....બોલતો તુ બાળપણમા .........દેવકીના

નામ બદલ્યા મુકામ બદલ્યા બદલ્યા શીર પર પીંછ
કાના રડીને કરીએ કયાં રીસ
ગીરધારી રણછોડ બન્યો તુ
ગીરધારી રણછોડ બન્યો તુ......છેતર્યા છે સગપણમા..........દેવકીના

ઓધા એક દીન આવશે શામળીયો શ્રધ્ધા છે ને વિશ્વાસ
ભકતો સંદેશો લખાવે ખાસ
ઓંમકાર મંડળ દર્શન માગે
ઓંમકાર મંડળ દર્શન માગે......ભકતી ભાવે ભજનમા........દેવકીના